કરવો. મૂળના કોહવારાના નિયંત્રણ માટે ૩૦ ગ્રામ કોપર ઓક્ઝિક્લોરાઈડ ૫૦% વે.પા. દવા ૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં લઈને છોડની ફરતે જમીનમાં આપવી. અલ્ટરનેરીયા બ્લાઈટ અને પાનનાં ટપકાંનો રોગ માટે મેન્કોઝેબ ૨.૫ ગ્રામ/લીટર પાણીમાં ઓગાળી ૨ થી ૩ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા.

## જીવાત અને તેનું નિયંત્રણ :

### (અ) ઈયળો / કાતરા ઈયળો :

ઓગસ્ટ-સપ્ટેમ્બર માસમાં ઘોડીયા ઈયળ પાનને ખાઈ છોડ પાન રહિત બનાવે છે. ડોડવા કોરી ખાનાર ઈયળો છોડની કુમળી અવસ્થામાં થડમાં કાણાં પાડી અને ડોડવા બેઠા પછી ડોડવાનો ગર્ભ ખાઈ જાય છે.

### નિયંત્રણ :

૧૫ ઓગષ્ટ આસપાસ વાવેતર કરવું. ઈયળો ઓછી હોય તો વીણી લઈ અથવા ઈયળો વાળા પાન તોડી તેનો નાશ કરવો. છોડ દીઠ ચાર કે તેથી વધુ ઈયળો જોવા મળે તો પ્રોફેનોફોસ / ક્લોરપાયરીફોસ / ક્વિનાલફોસ ૨૦ મીલી / ક્લોરાન્ટ્રાનિલિપ્રોલ ૧૮.૫ એસ.સી. ૩ મીલી દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૫ દિવસનાં અંતરે બે છંટકાવ કરવા.

### (બ) ચૂસિયા પ્રકારની જીવાતઃ

લીલા તડતડીયા, થ્રિપ્સ અને સફેદમાખીનો ઉપદ્રવ પાકના સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન જોવા મળે છે. આ જીવાતો પાનના નીચેના ભાગમાં રસ ચૂસે છે જેથી પાન કોકડાઈ સુકાઈ જાય છે અને ખરી પડે છે.

### નિયંત્રણઃ

ઈમિડાક્લોપ્રિડ ૪ મીલી / થાયોમિથોક્ઝામ ૪ ગ્રામ / એસિટામેપ્રિડ ૩ ગ્રામ / લીંબુડીની તેલયુક્ત દવા ૫૦ મીલી / ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મીલી દવા સાથે ૨૦ મીલી તેલીયા સાબુનું સંતૃપ્ત દ્રાવણ ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

પાકમાં જીવાત વ્યવસ્થાપન માટે પ્રાકૃતિક અસ્ત્રો જેવા કે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દસપર્ણી અર્ક અને રોગ વ્યવસ્થાપન માટે સૂંઠાસ્ત્ર અને ખાટી છાશનો ઉપયોગ ભલામણ પ્રમાણે કરવો.

### કાપણીઃ

વાવણી બાદ લગભગ ૯૦ થી ૧૦૦ દિવસે મુખ્ય માળ પાકી જઈ કાપણી લાયક બને છે. માળની કાપણી સીકટર (દીવેલા કટર)થી કરવી હિતાવહ છે.

### સરેરાશ ઉત્પાદનઃ

બિનપિયત ૩૫૦ થી ૪૦૦ કિ.ગ્રા / વિઘા, પિયત-૮૦૦ થી ૧૦૦૦ કિ.ગ્રા / વિઘા.

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા**
ગણપત વિદ્યાનગર-૩૮૪ ૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે, તા.જી. મહેસાણા (ઉ.ગુ.)
E-mail : kvkmehsana@ganpatuniversity.ac.in
Web: www.kvkmehsana.org

भाकृअनुप ICAR

Ganpat University | Krishi Vigyan Kendra
॥ विद्यया समाजोत्कर्षः ॥

# દિવેલાની આધુનિક ખેતી



શ્રી ભરતભાઈ કે. પટેલ | ડૉ. રમેશ એ. પટેલ

પ્રકાશક
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
ગણપત યુનિવર્સિટી
વર્ષ : ૨૦૨૫-૨૬
પ્રત : ૧૫૦૦

અખાદ્ય તેલીબિયા પાકોમાં દિવેલા પ્રથમ સ્થાન ધરાવે છે. દિવેલાનું તેલ મશીનોમાં ઉંજણ તરીકે, રંગ રસાયણ, સાબુ, શાહી, મીણ, કાગળ, પૂંઠા, રબર, સૌંદર્ય પ્રસાધનના સાધનો વગેરેની બનાવટોમાં તેમજ દિવેલીખોળ સેન્દ્રિય ખાતર તરીકે ખૂબ જ ઉપયોગ છે.

### જમીન અને આબોહવા:

દિવેલાના પાકને ફળદ્રુપ અને સારા નિતારવાળી, મધ્યમ કાળી, ગોરાડુ અને રેતાળ જમીન માફક આવે છે. ભારે કાળી તથા ક્ષારીય જમીન દિવેલાના પાકને માફક આવતી નથી. ઓછી થી મધ્યમ અમ્લીય જમીનમાં આ પાક લઈ શકાય. આ પાક વધુ પડતી ઠંડી અને હિમ સહન કરી શક્તો નથી.

### જમીનની તૈયારી:

ઉનાળામાં હળની ઉંડી ખેતી કરવાથી જમીનમાં રહેલ ઘોડીયા, કાતરા અને લશ્કરી ઈયળના કોશેટા તેમજ સુકારા તથા મૂળના કોહવારાના રોગની ફૂગ બહાર આવવાથી સૂર્યના તાપથી તેનો નાશ થાય છે. જમીનમાં વિઘા દીઠ ૨ થી ૨.૫ ટન સારું કોહવાયેલું છાણીયું ખાતર કે ૨૫૦ કિ.ગ્રા. દિવેલી ખોળ આપી હળની એક અને કરબની બે થી ત્રણ ખેડ કરી જમીન સમતલ કરવી. જો આ બંને ન મળી શકે તો જૂનના પ્રથમ અઠવાડીયે ગુવાર કે શણનો લીલો પડવાશ કરવો.

### જાતની પસંદગી:

બિન પીયત દિવેલા માટે જી.સી.એચ. ૨ અને પીયત દિવેલા માટે સુકારા પ્રતિકારક જી.સી.એચ.૭, ૮, ૯, અને ૧૦ જાતનું વાવેતર કરવું.

### બીજની માવજત:

બીજ જન્ય રોગોથી રક્ષણ માટે બીજને ફૂગનાશક દવા થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ ૩ ગ્રામ પ્રતિ કી.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવો. ત્યાર બાદ બીજને એન.પી.કે. કન્સોર્ટીયા ૨૦ મીલી પ્રતિ કી.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવો.

### વાવણીનો સમય:

**બિન પિયત:** ચોમાસામાં વાવણી લાયક વરસાદ થયેથી જુલાઈ માસના બીજા પખવાડિયામાં વાવણી કરવી.

**પિયત:** ઓગષ્ટના બીજા પખવાડિયામાં વાવેતર કરવું.

### વાવણી અંતર અને બીજનો દર:

**બિન પિયત:** બે હાર વચ્ચે ૯૦ સેમી. અને બે છોડ વચ્ચે ૬૦ સેમી. અંતર રાખવું. ૨ થી ૨.૫ કિલોગ્રામ બીજ પ્રતિ વિઘા હળની પાછળ ઓરીને કે વાવણીયા થી વાવેતર કરવું.

**પિયત:** પિયત દિવેલાની વાવણી માટે ૧૫૦ સેમી X ૧૨૦ સેમી અંતર રાખવું. થાણીને વાવેતર કરવા માટે ૧.૨ કિ.ગ્રા./વિઘા બીજ પૂરતું છે. વાવણી પછી ૧૦-૧૨ દિવસ સુધીમાં ખાલા પૂરી અને એક ખામણે એક જ છોડ રાખવો જેથી સારો વિકાસ થાય અને ડાળીયો વધુ ફૂટે છે.

### આંતરખેડ અને નિંદામણ:

પાકને શરૂઆતના ૪૫ દિવસ સુધી નિંદણ મુક્ત રાખવા ૨ થી ૩ આંતરખેડ તથા ૧ થી ૨ વખત હાથ નિંદણ કરવું. દિવેલામાં ૬૦ દિવસ પછી મુખ્યમાળ તથા ડાળીઓમાં માળ આવવાના કારણે ત્યારબાદ આંતરખેડ કરવી નહિં.

### પિયત વ્યવસ્થા:

પાકને જીવનકાળ દરમ્યાન ૬ થી ૮ પિયત આપવા. વરસાદ બંધ થયા બાદ પ્રથમ ૪ પિયત ૧૫-૨૦ દિવસના ગાળે તથા બાકીના ૪ પિયત ૨૦-૨૫ દિવસના ગાળે આપવા. પાણીની અછતવાળા વિસ્તારમાં ટપક સિંચાઈ પધ્ધતિથી પિયત આપવાથી ૨૪ ટકા પાણી બચે અને ૩૬ ટકા ઉત્પાદન વધે. આ પધ્ધતિથી આંતરા દિવસે ઓક્ટોમ્બર-નવેમ્બર માસમાં ૪૦ મિનિટ તથા ડિસેમ્બર-ફેબ્રુઆરીમાં ૩૦ મિનિટ પાણી આપવું. ફુલ કાળ અવસ્થાએ પાણીની ખેંચ પડવાથી માળમાં નર ફૂલોનું પ્રમાણ વધતાં ઉત્પાદન ઘટે છે.

**ખાતર વ્યવસ્થા:** દિવેલાના પાકમાં નીચે મુજબ રાસાયણિક ખાતર આપવું.

| ખેત પદ્ધતિ | ખાતર આપવાનો સમય | તત્વો (કિ.ગ્રા/હે.) | | | રાસાયણિક ખાતર (કિ.ગ્રા/વિઘા) |
|---|---|---|---|---|---|
| | | ના. | ફો. | પો. | |
| બિન પિયત | પાયામાં | ૨૦ | ૩૦ | ૦ | ૧૫ ડીએપી, ૧૫ યુરિયા |
| | વાવણી બાદ ૨૦ દિવસે | ૨૦ | ૦ | ૦ | ૧૧ યુરિયા/૨૫ એમોનિયમ સલ્ફેટ |
| પિયત | પાયામાં | ૪૫ | ૪૦ | ૦ | ૨૧ ડીએપી, ૧૬ યુરિયા |
| | વાવણી બાદ ૪૫, ૭૫, ૧૦૫ દિવસે | ૪૫ | ૦ | ૦ | ૨૪ યુરિયા / ૫૫ એમોનિયમ સલ્ફેટ |

પોટાશની ઉણપ હોય તો ૧૦ કિલો પોટાશ / વિઘે આપવો. સલ્ફરની ઉણપ હોય તો ૫ કિલો સલ્ફર અથવા ૩૦ કિલો જિપ્સમ / વિઘે આપવો. લોહ અને જસતની ઉણપ હોય તો ૧૫ કિ.ગ્રા. ફેરસ સલ્ફેટ અને ૮ કિ.ગ્રા. ઝીંક સલ્ફેટ અથવા સરકાર માન્ય ગ્રેડ સૂક્ષ્મ તત્વ મિશ્રણ (૨% લોહ, ૦.૫% મેંગેનીઝ, ૦.૫% જસત, ૦.૨% તાંબુ, ૦.૫% બોરોન) પાયામાં ૨૦ કિ.ગ્રા./હે આપવું.

પ્રાકૃતિક ખેતી માટે ઘનજીવામૃત, બીજામૃત અને જીવામૃતનો ઉપયોગ ભલામણ પ્રમાણે કરવો.

### આંતરપાક:

દિવેલાની બે હાર વચ્ચે એક હાર તલ, મગફળી, મગ અને અડદની લેવી. પિયત દિવેલાની જોડિયા ચાસ પદ્ધતિથી વાવી તેમા મગનો આંતરપાક લેવો.

### પાક ફેરબદલી અને પદ્ધતિ:

સુકારા રોગની તીવ્રતા ઓછી કરવા દિવેલા, બાજરી-રાઈ, ગુવાર-ઘઉં જેવા પાકો લઈ ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે પાક ફેરબદલી કરવી. દિવેલા પછી ઉનાળામાં મગ વાવવાથી વધુ નફો મળે છે.

### પાક સંરક્ષણ:

**રોગો અને તેનું સંકલિત નિયંત્રણ :** મુખ્યત્વે સુકારો અને મૂળનો કોહવારો જેવા રોગોના નિયંત્રણ માટે ઉનાળામાં પાક પુરો થયે ઉંડી ખેડ કરવી. જી.સી.એચ. ૨ મૂળના કોહવારા સામે તેમજ જી.સી.એચ. ૧૦, ૯, ૮ તથા ૭ જાત સુકારા સામે પ્રતિકારક્તા ધરાવતી હોવાથી પસંદ કરવી. બીજને થાયરમ / કાર્બેન્ડાઝીમ ૩ ગ્રામ / ટ્રાયકોડર્મા વિરીડી ૫ થી ૧૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બીજનો પટ આપવો. મૂળના કોહવારાના રોગ માટે ભાદરવા માસમાં વરસાદ ખેંચાય અને ગરમી વધુ પડતી હોય તો પિયત આપી દેવું. શણ કે ગુવારનો લીલો પડવાશ